# માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે



**આચમન**
**બિપિન પટેલ**

આપણી આસ્થાના બે અદ્‌ભુત કેન્દ્રો એટલે ભગવદ્ ગીતા અને રામાયણ. ગીતાજી તો ભગવાન શ્રીકૃષ્ણની વાણી છે, ગોવિંદનું ગીત છે. માનવજીવનની સાર્થકતાનાં અનેક સુંદર સૂત્રો આપણને તેમાંથી મળે છે. જ્યાં કર્મ એ જ ધર્મ છે તો ધ્વનિ તેમાં સતત પડઘાતો રહે છે. 'ગહના કર્મણો ગતિ' - કર્મની ગતિ ગહન છે, એવું કહીને ભગવાને આપણને સાવધાન કર્યા છે કે તમે જેવું કર્મ કરશો તેવું પામશો. તેમના કહેવાનો મર્મ સ્પષ્ટ છે કે માનવીનાં વર્તમાન કર્મો જ તેની આવતીકાલનું ભવિષ્ય છે માટે જે કંઇ કરો તે સમજીવિચારીને સાવધાનીપૂર્વક કરો. મેં તો તમને બુધ્ધિ અને વિવેક બંને આપ્યા છે. તેનો વિચારપૂર્વક ઉપયોગ કરીને નક્કી કરો કે તમારે કેવાં કાર્યો કરવાં જોઇએ જેથી તમારું હિત થાય, કલ્યાણ થાય. અર્થાત્, પોતાનું ભાગ્યશિલ્પ સુંદર બનાવવું કે કુરૂપ બનાવવું માનવીના હાથમાં છે. ભગવાન તો માનવીનાં કર્મોને તટસ્થ બનીને જોતા રહે છે. ના, તેઓ માનવીએ પોતે તૈયાર કરેલા તેના ભાગ્યલેખમાં કોઇ સુધારો કે વધારો નથી કરતા કારણ કે માનવીના કર્મ પ્રમાણે આપમેળે જ એ ભાગ્યલેખ તૈયાર થતો હોય છે. એટલે જ તો માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા બને છે.

કર્મના સિધ્ધાંત પર ઊભું છે માનવીનું વર્તમાન જીવન. પૂર્વમાં તેણે કરેલાં કર્મોને આધીન વર્તમાનમાં તેને સુખ-દુઃખ કે અનુકૂળતા-પ્રતિકૂળતા મળતી રહે છે. ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટતા કરી જ છે, 'ગહના કર્મણો ગતિઃ' (4-17) એટલું તો નિશ્ચિત છે કે જે કંઇ ઘટનાઓ વર્તમાનમાં માનવી સાથે બને છે, જે કંઇ સારો-ખરાબ વ્યવહાર અન્યો દ્વારા તેની સાથે થાય છે તે તેના પૂર્વજન્મોનાં કર્મનું ફળ છે, પરિણામ છે. તે માટે નિમિત્ત ભલે કોઇ બનતું હશે પરંતુ નિમિત્ત બનવાના રૂપમાં તેનાં જ કર્મો તેની સમક્ષ આવીને ઊભા રહે છે. એ જાણવા છતાં કે શુભ કર્મોનું ફળ સુખ અને અશુભ કર્મોનું ફળ દુઃખ છે, મોટે ભાગે વ્યક્તિ અશુભ કર્મ કરવામાં વધુ પ્રવૃત્ત રહે છે અને અપેક્ષા રાખે છે સુખ-શાંતિની! કંટક રોપીને પુષ્પની અપેક્ષા રાખવી કેટલી ઉચિત છે? જો વ્યક્તિ ઇચ્છે કે ભવિષ્યમાં તેને સુખશાંતિ મળે તો તેણે આ જ ક્ષણથી શુભ કર્મોમાં પ્રવૃત્ત બનવું જોઇએ કારણ કે તેણે કરેલાં શુભ અને અશુભ કર્મો જ તેના ભવિષ્યના જીવનને અને તેનાં સુખદુઃખને નક્કી કરે છે. એ સાથે ભગવાન શ્રીકૃષ્ણે કરેલી સ્પષ્ટતા પણ ધ્યાનમાં રાખવી જરૂરી છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે જીવ પ્રત્યેક ક્ષણ માટે પણ કર્મ કરતો જ રહે છે. સાથે સાથે ભગવાને એક ગંભીર સ્પષ્ટતા પણ કરી છે. જીવને સાવધાન કરતાં તેઓ કહે છે- 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'- હે જીવ! તારો કર્મ કરવામાં જ અધિકાર છે, એનાં ફળોમાં કદીય નહીં! (2-47) અર્થાત્ આપણે તો કેવળ કર્મ જ કરવાના છે. તેનું ફળ કેવું, ક્યાં, ક્યારે મળશે એના પર વિચાર કરવાનો નથી. એટલે સાવધાનીપૂર્વક શુભ કર્મ કરતાં રહેવામાં જ આપણું કલ્યાણ છે એ વાત સુનિશ્ચિત છે. જરા ગંભીરતાપૂર્વક વિચારીશું તો સ્પષ્ટ સમજાશે કે આ માનવજીવન એક ત્રિભેટો છે.

અર્થાત માનવી સમક્ષ ત્રણ માર્ગો છેઃ એક છે ઉચ્ચ અને સત્કર્મો દ્વારા દેવયોનિની પ્રાપ્તિ; બીજો છે શુભ અને સાત્ત્વિક કર્મો દ્વારા માનવયોનિની પુનઃ પ્રાપ્તિ;

> કર્મના સિધ્ધાંત પર ઊભું છે માનવીનું વર્તમાન જીવન

અને ત્રીજો માર્ગ છે નીચ કર્મો દ્વારા પશુ-પંખી-પ્રાણી જેવી નિમ્ન યોનિની પ્રાપ્તિ; માનવીએ આ દિશામાં ગંભીર વિચાર કરીને માર્ગની પસંદગી કરવાની છે.

સાવધાન બનીને તેણે નક્કી કરવાનું છે કે તેણે કઇ યોનિની પ્રાપ્તિ કરવી છે.


સુખ-શાંતિ મેળવવાં છે કે અશાંતિ અને દુઃખ મેળવવાં છે? હા, એટલે જ કહેવાયું છે કે માનવી પોતે જ પોતાનું ભવિષ્યનું જીવન રચીને પોતાનો ભાગ્યવિધાતા બની શકે છે.

# ભક્તિમાં શ્રેષ્ઠ દેશભક્તિ

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

ભક્તિના નવ પ્રકાર છે એટલે નવધા ભક્તિ કહ્યું છે પણ તેમાંય દેશભક્તિનું સ્થાન ઊંચું છે. દેશભક્તિને સાચી ભક્તિ ગણાવી છે કારણ કે આપણી માતૃભૂમિ પણ આપણી માતા છે.

જ્યારે આપણો દેશ ગુલામ હતો, ભારત ભૂમિ પર અંગ્રેજોનું શાસન હતું ત્યારે ભારતમાં અંગ્રેજો વિદેશી વસ્તુઓ વેચી નાણાંકીય રીતે સદ્ધર થતા હતા. ત્યારે તેમને નબળા પાડવા વિદેશી વસ્તુઓ ન ખરીદવા કે ન વાપરવા સ્વતંત્રતા માટેના આંદોલનમાં વિદેશી વસ્તુઓનો બહિષ્કાર પણ એક પ્રમુખ આંદોલન હતું અને તેના ભાગરૂપે વિદેશી વસ્તુઓના ઢગલા કરી આંદોલનકારીઓ આગ ચાંપી દેતા હતા અને સ્વદેશી વસ્તુઓ અપનાવવા આગ્રહ કરતા હતા. ત્યારે પંજાબના એક નાનકડા એવા ગામ કરતારપુરનો એક બાળક મહાત્મા ગાંધીનાં પ્રવચનોથી પ્રભાવિત થયો હતો અને એણે ઘરમાં પડેલાં વિદેશી વસ્ત્રોનો ઢગલો કરી કેરોસીન છાંટી સળગાવી દીધાં. કપડાંનો ઢગલો ભડકે બળતાં તેની જ્વાળાઓ ઘરની છત સુધી પહોંચી ગઇ એટલે આગ જોઈ આસપાસનાં લોકો ભેગા થયા અને બધાં પાણી છાંટવા દોડદોડ કરવા લાગ્યા, ત્યારે પેલો યુવક આગ જોઈને તાળીઓ પાડતો હતો. ઘરના લોકો આગ જોઇ ગભરાઈ ગયા હતા, ત્યારે આ છોકરો તાળીઓ પાડી રહ્યો હતો. બધાંને જરા વિચિત્ર લાગ્યું. ઘરના લોકોએ તેને ઠપકો પણ આપ્યો પણ તે હસતો રહ્યો. કારણ વિદેશી વસ્ત્રોની હોળી કરી તેનો આનંદ તેને વિશેષ હતો. એનાં વસ્ત્રો ઘણાં કિંમતી હતાં પણ તેની દેશભક્તિથી વધુ કિંમતી ન હતાં.



ઘરના લોકોને આ વાત સમજાઇ ત્યારે તે પણ ખુશ થયા. આ દેશભક્ત જેનું નામ સચ્ચિદાનંદ હીરાનંદ હતું, તે મોટા થતાં હિન્દીના પ્રસિદ્ધ સાહિત્યકાર 'અજ્ઞેય' નામથી ઓળખાયા.

આવા દેશભક્તોના કારણે આઝાદી મળી છે અને એ આઝાદી ટકાવી રાખવા તેમ જ તેને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા આજે પણ આવા દેશભક્તોની જરૂર છે.

> છાતીમાં દેશભક્તિ માટેની શૂળ ભોંકાય તો જ ખરી દેશભક્તિ પ્રગટે. એ વિના બધું દેખાડો છે. આજેય સ્વદેશી અપનાવો અભિયાન એટલું જ જરૂરી છે

છાતીમાં દેશભક્તિ માટેની શૂળ ભોંકાય તો જ ખરી દેશભક્તિ પ્રગટે. એ વિના બધું દેખાડો છે. આજેય સ્વદેશી અપનાવો અભિયાન એટલું જ જરૂરી છે અને અજ્ઞેય જેવા દેશભક્તોની પણ જરૂર છે જ.




## સપ્તાહનાં વ્રત-તહેવારો તા. 26 જાન્યુઆરીથી તા.1 ફેબ્રુઆરી ૨૦૨૬

### તા. ૨૬ સોમવાર
મહા સુદ આઠમ- પ્રજાસત્તાક દિન,દુર્ગાષ્ટમી, ભીષ્માષ્ટમી, ભીષ્મ પિતામહ શ્રાદ્ધતિથિ, શ્રી ખોડિયાર માતા જયંતી

### તા. ૨૭ મંગળવાર
મહા સુદ નોમઃ શ્રી હરિ જયંતી, મહાનંદા નોમ, મધ્વ નવમી, દાસબોધ જયંતી

### તા. ૨૮ બુધવાર
મહા સુદ દશમ- લાલા લજપતરાય જયંતી, ભક્ત પુંડલિક ઉત્સવ (પંઢરપુર), રાધા દામોદર દેવ પ્રાકટ્યોત્સવ, વૃંદાવન, યુ.પી.

### તા. ૨૯ ગુરુવાર
મહા સુદ એકાદશી- જયા એકાદશી(શેરડી) ભીષ્મ બારસ

### તા. 30 શુક્રવાર
મહા સુદ બારસ ગાંધી નિર્વાણ દિન, પ્રદોષ, કલ્પાદિ.

### તા. ૩૧ શનિવાર
મહા સુદ તેરસ- ચૌદશ ક્ષયતિથિ, શીંગોતર માતા જયંતી-હજીરા, શ્રી વિશ્વકર્મા જયંતી, વરાહ બારસ, જેસલમેરમાં ત્રણ દિવસનો રણોત્સવ, મોઢેશ્વરી માતાનો પાટોત્સવ-મોઢેરા, ધર્મસમ્રાટ શ્રી કરપાત્રી મહારાજની પુણ્યતિથિ, અવતાર શ્રી મહેરબાબા અમર તિથિ.

### તા. ૧ ફેબ્રુઆરી, રવિવાર
મહાસુદ પૂનમ-વ્રતની માઘી પૂનમ, માઘસ્નાન સમાપ્ત, ગુરુ રવિદાસ જયંતી, લલિતા જયંતી, શ્રી ગોપીનાથ પ્રાકટ્યોત્સવ-વૃંદાવન.